INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. 16-03-2022

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે, ભારતીય ટ્રાયબલ પાર્ટીના રાષ્ટ્રીય નેતા અને બી.ટી.પી.ના ગુજરાત એકમના પૂર્વ અધ્યક્ષ શ્રી રાજ વસાવા કોંગ્રેસ પક્ષમાં આજ વિધીવત રીતે એ.આઈ.સી.સી.ના ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્મા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા સહિતના આગેવાનોએ કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરાવીને આવકાર્યા હતા.

એ.આઈ.સી.સી.ના ગુજરાત કોંગ્રેસ પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ આરોગ્યમંત્રી ડૉ. રઘુ શર્મા એ જણાવ્યું હતું કે, ભાજપની નીતિ જન વિરોધી છે. **ભાજપાના શાસનમાં આદિવાસી સમાજને સતત અન્યાય કરવામાં આવી રહ્યો છે**. આદિવાસી યુવા નેતા શ્રી રાજ વસાવા શિક્ષીત અને આદિવાસીના પ્રશ્નો વિશે જાણકાર છે. કોંગ્રેસ પક્ષમાં શ્રી રાજ વસાવાના જોડાવાથી આદિવાસી સમાજ માટે તેઓ જે લડાઈ લડતા હતા તે લડાઈને વધુ મજબૂતથી લડી શકશે.

બી.ટી.પી.ના ગુજરાતના પૂર્વ અધ્યક્ષ શ્રી રાજ વસાવાને કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરાવીને આવકારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, ભાજપાની નીતિના લીધે આદિવાસી સમાજ સહિત દરેક વર્ગ અનેક તકલીફોનો સામનો કરી રહી રહ્યાં છે. **આદિવાસી સમાજના બાળકોને શિક્ષણનો અધિકાર, જંગલના જમીનનો અધિકાર, રોજગારનો અધિકાર, અન્ન સુરક્ષાનો અધિકાર સહિતના હક્ક અધિકાર મળે તે માટે** કોંગ્રેસ પક્ષ સતત લડી રહ્યો છે. ત્યારે શ્રી રાજ વસાવા કોંગ્રેસ પક્ષમાં જોડાતા આદિવાસી સમાજ માટેની લડતમાં - તાકાતમાં ઉમેરો થશે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાએ આદિવાસી સમાજના યુવા નેતાશ્રી રાજ વસાવાને કોંગ્રેસ પક્ષમાં હર્ષ ભેર આવકાર આપતા જણાવ્યું હતું કે, **આદિવાસી સમાજને વિસ્થાપીત કરવાની ભાજપાની સરકારની નીતિ રહી છે**. અંબાજી થી ઉમરગાવ પૂર્વ પટ્ટીના આદિવાસી સમાજના ભાઈ-બહેનો સાથે ભાજપા ઓરમાયું વર્તન રહ્યું છે. બી.ટી.પી.ના પૂર્વ નેતા રાજ વસાવાને કોંગ્રેસ પક્ષમાં આવકારું છું. સૌ સાથે મળીને આદિવાસી સમાજના હક્ક અધિકાર માટેની લડત મજબુતાઈથી લડીશું.

રાજીવ ગાંધી ભવન ખાતે બી.ટી.પી.ના યુવા નેતા શ્રી રાજ વસાવા કોંગ્રેસ પક્ષમાં સામેલ થયા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, **આદિવાસી સમાજની સંસ્કૃતિ અને ઓળખ પર ભાજપ સરકાર સતત હુમલો કરી રહી** છે. **વિકાસના મોટા મોટા પ્રોજેક્ટના નામે આદિવાસી પરિવારોને બેઘર કરવામાં આવે છે.** જળ, જંગલ અને જમીન પર ગેરકાયદેસર કંપનીઓના નામે પોલિસના ડંડાથી, અત્યાચારથી કબજો કરવામાં આવી રહ્યો છે. બીજીબાજુ કોંગ્રેસ પક્ષની નીતિ હંમેશા આદિવાસી સમાજને હક્ક અને અધિકાર આપવાની રહી છે. 10 વર્ષ કરતા વધુ સમયથી આદિવાસી સમાજના હજારો યુવાનો વચ્ચે લડત ચલાવી રહ્યો છું ત્યારે કોંગ્રેસ પક્ષમાં જોડાઈને આદિવાસી સમાજની હક્ક અને અધિકારની લડાઈ વધુ મજબુત બનશે તેનો મને વિશ્વાસ છે.

શ્રી રાજ વસાવાના કોંગ્રેસ પક્ષમાં વિધીવત રીતે જોડાવાના કાર્યક્રમમાં એ.આઈ.સી.સી.ના મંત્રી અને સંગઠન સહપ્રભારી શ્રી જીતેન્દ્ર બઘેલ અને શ્રી બિશ્વરંજન મોહંતી, ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષશ્રી હાર્દિક પટેલ, એ.આઈ.સી.સી. સોશીયલ મીડીયાના અધ્યક્ષ શ્રી રોહન ગુપ્તા, ભરૂચ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી પરીમલસિંહ રાણા, પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીશ્રી સંદિપ માંગરોળા, પ્રદેશ કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા